વાર્ષિક લવાજમ રૂ. ૨૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૨૮ : અંક - ૧૨ * આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * જૂન-૨૨, ૨૦૦૯

# જળવાયુ પરિવર્તન અને શ્રમજીવીબહેનો

અત્યારે દુનિયાના પર્યાવરણવીજ, વૈજ્ઞાનિકો, સરકારો—સૌ કોઈ જર્મની-બૉન ખાતે એકત્ર થયા છે. વિશ્વની એક વિકટ સમસ્યા 'Climate Crises'- Climate change ઉપર ચર્ચા વિચારણા કરવા—તેના શ્વેતપત્રો, કે હરિયાળાપત્રો કે ક્રાંતિકારી વિધાનો બાબતે—પણ દુનિયાના વિકસતા દેશો અને તેમાંય ગામડાંના ને શહેરના શ્રમજીવી-કામદારો ને તેમનાં પરિવારોની આ ક્લાઇમેટ ચેન્જ કે ક્લાઇમેટ ક્રાઇસીસના સંદર્ભમાં વાસ્તવિકતા શું છે તેનો કાંઈક ચિતાર રજૂ કરવા પ્રયાસ કર્યો છે.

ખરેખર તો વાસ્તવિકતા એ છે કે વિકસીત દેશો ને ધનાઢ્ય સમાજ ક્લાઇમેટની ક્રાઈસીસ ઊભી કરે, જ્યારે રોજેરોજનું જીવનનિર્વાહ ટકાવી રાખવા સતત ઝઝૂમતા ગરીબ શ્રમજીવી સમાજ જેને સતત નવિનીકરણ અને બદલાતા પ્રવાહ ને તે પ્રવાહ સામે ટકી રહેવા વ્યૂહરચના બદલતા રહેવું પડે જેને ઍડપ્ટેશન કહે છે. આ ગરીબ, શ્રમજીવી કામદારો ને તેમનો સમાજ તો ક્યારનોય આ ક્લાઈમેટ ક્રાઈસીસને નાથવાનું ને સુધારવાની પ્રક્રિયામાં ક્યારનાયે કામે લાગી ગયા છે. પછી તે કાગળ વીણતાં બહેનો હોય, નાના-સીમાંત ખેડૂ હોય કે જંગલમાં કામ કરતાં બહેનો હોય. તેમની મુખ્ય આજીવિકા જ આ હરિયાળા રોજગાર ઉપર નભે છે.

આર્થિક બાબતે જોઈએ તો 'the poor subsidise the rich' એ જ હકીકત પર્યાવરણીય બાબતે પણ જોવા મળી છે. રૂ. ૩૦,૦૦૦થી વધુ કમાનારો ભારતનો જ નાગરિક પ્રતિવર્ષ ૧૯૯૪ કિલો કાર્બનડાયોક્સાઈડ ઉત્સર્જિત કરે છે જ્યારે રૂ. ૩૦૦૦થી ઓછું કમાતા શ્રમજીવી પ્રતિવર્ષ ૩૩૫ કિલો અંગારવાયુનો હવામાં ઉમેરો કરે છે. આમ આ ધનિક વર્ગ ગરીબો કરતાં ૪.૫ ગણો વધુ કાર્બનડાયોક્સાઇડનો ઉમેરો હવામાં કરે છે. આમ એક મોટી ખાઈ આવકની સાથે સાથે કાર્બનડાયોકસાઈડના ઉત્સર્જનમાં પણ દેખાઈ આવી છે.

'સેવા'નાં શ્રમજીવી કામદાર બહેનોની આજીવિકા કુદરત ઉપર નભે છે. જેવી કે - ખેતીકામ, ખેતમજૂરી, વૃક્ષઉછેર, જંગલમાંથી તેંદૂપત્તાં વીણવા, ગુંદર કે ચારોળી વીણવી, તો વળી પાણી, બહેનો અને કામ તેમની આજીવિકા સાથે સીધાં જોડાયેલાં છે. જેમની પાસે રહેણાક હોય કે ખેતીની જમીનની જગ્યાની પસંદગીની તક જ નથી, તેમના ભાગે નીચાણવાળો વિસ્તાર બિન પીયત જમીન જ હોય, જેથી તેઓ પૂર કે દુષ્કાળની લપેટમાં સહેલાઈથી આવી જાય છે. જળવાયુ પરિવર્તનથી આવી આફતોનું પ્રમાણ પણ વધતું ગયું. જેથી શ્રમજીવી ગરીબ વધુ ને વધુ પાછળ ધકેલાતો ગયો. મીઠું પકવવાનું કામ હોય કે ભરતકામ ડગલે ને પગલે કુદરત ઉપર જ આધાર રાખવો પડે.

ગાંધીજીનાં મૂલ્યોને વરીને 'સેવા'માં સાદગી ને સ્વરોજગારી ઉપર ભાર મૂક્યો. ખેડૂત કપાસ ઉગાડે - એ કપાસ કાંતીએ - વણકર બહેનો વણે - એક કે બે નહીં ૩૦૦૦ વણકર બહેનો આમાંથી રોજગારી મેળવે છે. તેને રંગરેજ રંગે ને કારીગર બહેનો ભરે. ગામડાંમાં રોજગારી વધે ને ગામડાં સધ્ધર થાય. આ તો 'હંસીબા'ની વાત થઈ. 'હંસીબા' એટલે 'સેવા'નાં ૧૫૦૦૦ શ્રમજીવી કારીગર બહેનોની કંપની. જ્યાં એવા કપડાં તૈયાર થાય જેમાં હાથવણાટ ને ખાદી જ હોય. રંગ પણ બધા કુદરતી જ હોય - ઉત્પાદનના દરેક તબક્કે રોજગારી જ રોજગારી. બહેનોનું સ્થળાંતર અટક્યું ને દીકરીઓને શિક્ષણ મળતું થયું. આને કહીએ છીએ - 'હરિયાળો રોજગાર'... તો નાના ખેડુ ખેતર ખેડે. ધાન પકવે. ખેડુમંડળ ખરીદે, સાફ કરે, પૅક કરે તે ગામડે ગામડે ને ઘેર ઘેર રંધાય. દરેકને પોષક આહાર મળે. ચોખ્ખો ને પરવડે તેવો. - આ તો 'રૂડી'ની

વાત થઈ. ખેડૂત પણ ભૂખ્યો નહીં ને મજૂર પણ નહીં – આને કહીએ - 'food security' (ફૂડ સિક્યોરિટી).

ખેતી દિવસે ને દિવસે વિકટ / વિષમ થતી ગઈ. યુરિયા ને ડી.એ.પી. ખાતર મોંઘાં થતાં ગયાં. પૈસા ખર્ચેય મળે નહીં. બિયારણ પણ મોંઘાં. ખેતરમાં બળદીયાની જગ્યાએ ટ્રેક્ટર હંકાવા લાગ્યા. ખેડૂત પાયમાલ થઈ ગયો. 'સેવા'ની ખેતીઝુંબેશે ઉકેલ કાઢવાનો હતો – 'ખેડૂત ભૂખ્યો કેમ ?' આનો જવાબ ફરી કુદરત ઉપર નભીને જ મેળવ્યો.

૧૮,૪૬૨ ખેડૂતોને સજીવ ખેતીની તાલીમ આપી. તેમ જ બહેનોએ ૪,૭૯,૦૩૩ કિ.ગ્રા. વર્મીકમ્પોસ્ટનું ઉત્પાદન કર્યું અને તેનો ઉપયોગ ગામના ખેડૂતોએ કર્યો. જેનાથી પર્યાવરણ સુધર્યું. આટલેથી અટક્યા નહીં પરંતુ ૧૪૫ બહેનોએ બાયોગૅસનો ઉપયોગ કર્યો. જેનાથી ૪૪,૬૦૮.૩૩ ટન કાર્બનડાયોક્સાઇડ વાતાવરણમાં જતો રોકી શક્યા. ૯૧ ગામનાં ખેડુમંડળોએ ઘઉં અને ચણાનું બિયારણ પોતાના ગામમાં જ ઉત્પાદન કર્યું. આમ ખેતી ઝુંબેશ દ્વારા છેલ્લાં ૩ વર્ષમાં ૫,૯૦,૦૩૧૪૯.૩ રૂ. વકરો કર્યો. સજીવ ખેતી વધી અને હરિયાળી રોજગારી ઊભી થઈ.

મીઠાના અગરમાં કાળી મહેનત કરતાં અગરિયા વર્ષના ૮ મહિના રણમાં જ રહે. સદંતર કુદરતને ભરોસે ટાઢ-તડકો બધું વેઠવાનું. મીઠું પકવવા પાણી પણ જમીનમાંથી ખેંચવાનું. દિવસે આભ ને સુરજના સથવારે તો રાત્રે ખુલ્લી ચાંદનીમાં. કેરોસીન ને ડીઝલ બાળી બાળીને કૂઈમાંથી પાણી ખેંચી મીઠું પકવે. કોઈ કોઈ વાર તો સળંગ ૨૪ કલાક પંપ ચલાવે તોય પૂરતું પાણી ના મળે.

આટલી બધી સૂર્યશક્તિની વચ્ચે ઝઝુમે પણ આ સૂર્યશક્તિ અગરિયાના કામે કેમ ના આવે ? આ હતી 'સેવા'ની મથામણ. અગરિયાં-બહેનોના જ એક મંડળે સોલારબત્તી બનાવવાની તાલીમ લીધી. બહેનો બત્તી બનાવે અને રણમાં અગરિયા વાપરે. મોબાઇલ ફોન તથા વીજળી રણમાં જોવા ના મળે. પણ સૂર્યશક્તિથી હવે ૧૫૦૦૦ અગરિયા મોબાઇલ અને વીજળી મેળવી શક્યાં.

> 'હાલ મોબાઈલ ફોન છે તો અમે રોજે-રોજના મીઠાના ભાવ જાણી શકીએ છીએ. વળી, અમારા છોકરા રાતે વીજળી હોવાથી રણમાં પણ ભણી શકે છે. પહેલાં આઠ મહિના અમારાં બાળકો ભણી શકતાં નહોતાં. મોબાઈલ ફોન તથા સોલરબત્તી સુર્યશક્તિથી ચાર્જ કરીએ એટલે કોઈ ખર્ચ પણ થતો નથી.'
>
> - **ટમુબેન** : મીઠા કામદાર

પણ હજી મોટી સમસ્યા હલ કરવાની બાકી છે. ડીઝલ પંપની જગ્યાએ સૂર્યશક્તિનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તેનો ઉકેલ શોધવો જ રહ્યો.

આ બધુંય સાચું પણ હજીય જો પાણી માટે બહેનોને માઇલો ચાલવું પડે ને તોય માંડ એક કે બે બેડાં પાણી મળે. તો દિવસ આખો પાણી ભરવામાં જાય. બોરના તળ ઊંડાં ગયાં- ૨૦૦, ૪૦૦ નહીં ૧૦૦૦ ફૂટથીય ઊંડા-પાતાળમાંથી પાણી ખેંચવા લાગ્યા ને તોય પાણી ખારું. પાણીઝુંબેશને ગામડે ગામડે ફેલાવી ને ૩૭૯૪ વરસાદી પાણી સંગ્રહનાં ટાંકાં બનાવ્યાં. જેમાં ૩,૬૩,૧૬,૯૭૦ લિટર પાણીનો સંગ્રહ થયો. જેનાથી ૮૨,૦૧,૨૫૦ રૂ. રોજગારી વધુ મેળવી શક્યા. ૧૦૭૬ જૂથની બહેનોએ ૩૮૪૮ હેન્ડપંપ રિચાર્જ અને રિપેર કર્યા જેનાથી ૨૧,૧૬,૪૦૦ રૂ. રોજગારી મળી. ૨૨૪ ગામનાં તળાવ ઊંડાં કર્યાં. જેનાથી ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં જ સંગ્રહ થયું.

આ બધાથી સમસ્યાનો ઉકેલ નથી આવવાનો પણ ગ્રામજનો જાગૃત ચોક્કસ થયા છે. 'બ્લ્યુ ફંડ'ની માંગ વધતી જાય છે. લીલી રોજગારી ગામડાંઓને વધારે જચે છે ને ઝુંબેશ ટકાઉ બને છે. લીલી રોજગારી અંતર્ગત ૩૧૮૩ વનવનિતાઓએ ૨૦,૧૮,૯૨૦ વૃક્ષનો ઉછેર કર્યો જે હાલ પૃથ્વીને તાવ આવ્યો છે તેથી પોતા મૂકવાનું કામ કરી રહ્યાં છે.

પર્યાવરણની જાળવણી - શ્રમજીવી ગ્રામ કામદારોની જ થોડી છે ? શહેરમાં જ તો બેફામ પર્યાવરણનો નાશ અને પ્રદૂષણ થાય છે. જાતજાતનાં વાહનો, એરકંડીશન્સ, ગાડીઓ, બંગલા ને ઑફિસોમાં રાત દિવસ ચાલતાં ટીવી પ્રસારણો, મોજશોખના સાધનો, ખાણી- પીણીનાં રેસ્ટોરન્ટ. આપણાં ઘર ને ઑફિસનો કચરો રસ્તા ઉપર નાખીએ, ઘર ચોખ્ખું ભલેને પછી આસપાસ ગંદકી રહે. પણ શ્રમજીવી કામદારો તો શહેરની સ્વચ્છતામાં લાગી ગયા છે. પરોઢિયે ૩ વાગ્યાથી ગલીએ ગલીએ - ખૂણે ખાંચરેથી કચરા-ઢગલા ફંગોળીને કચરો એકઠો કરે છે. તેને છૂટો પાડે કાગળ, પ્લાસ્ટિક, વાળ, હાડકાં, પતરાં, કાચ... વગેરે.

આ જ કચરા ઉપર તો આ ભગિનીઓની આજીવિકા છે. આ બહેનો ના હોત તો ઉકરડાનો પાર નહીં.

શીખવાનું તો આપણે ભણેલાં-ગણેલાં શહેરી-આધુનિક દુનિયાના નગરજનોને છે. આ શ્રમજીવી બહેનો પાસેથી જેમનાં જીવનનો એક ભાગ પર્યાવરણ કે કુદરત છે, તેની જાળવણી કઈ રીતે કરવી. આવો, 'વનલક્ષ્મી'ના પ્રવાસન મિત્ર કાર્યક્રમમાં જેનાથી વધુ જાણીએ. આ કાર્યક્રમ દ્વારા શ્રમજીવી બહેનોએ શહેરના ૮૯૪૭ લોકોને પર્યાવરણ જાગૃતિનું શિક્ષણ આપ્યું. જેમાંથી પણ ૨,૮૭,૫૮૫ રૂ.ની રોજગારી મળી.

આટલેથી ઊભી ના રહી આ કાગળકામની ભગિનીઓ. તેમણે તો કાગળની પેન બનાવવાની શરૂઆત કરી. આમ ગ્રીન

ઍનર્જી અને ગ્રીન લાઇવલીહુડ ઝુંબેશ દ્વારા ૧,૩૯,૬૮૫ સભ્યોને વાર્ષિક ૧૧૭૫ મીલિયન રૂ.ની આવક થઈ.

આ છે 'સેવા' જે દુનિયાને એક ગ્રીન ટ્રેડ યુનિયન તરીકે સંદેશો આપે છે.

શ્રમજીવી કામદારબહેનો તો દરરોજ જળવાયુ પરિવર્તનનો ભોગ બને છે. અને તેની સામે ટકી રહેવા અવનવી વ્યૂહરચના ઘડે છે. પણ જ્યારે કાર્બન ફૂટપ્રિન્ટ અને કાર્બન ટ્રેડીંગની વાત આવે છે તો તે તો મોટી મોટી સરકારો, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ, ને મોટા ઉદ્યોગો જ આનો ફાયદો લઈ જાય છે. આ કાર્બન ટ્રેડીંગ વડે શ્રમજીવી કામદારો ને તેમનો સમાજ કેવી રીતે આવક મેળવી શકે એ જ દેશની સરકારો, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ ને ઉદ્યોગોને હાકલ છે. આ હરિયાળા રોજગાર ને હરિયાળી ચળવળ ચલાવતી શ્રમજીવી કામદાર બહેનો જે ખભેખભો મિલાવી-ભાગીદારીને નાતો જોડવાની. તો જ ખરા અર્થમાં જ ટકાઉ Climate Crises નાથવાનો રાહ નીકળશે ને Inclusive Growth - ગરીબોને સાંકળીને વિકાસ હાંસલ કરી શકાશે.

'વાપરો વિચારીને, વાપરો વિચારીને...

કયું ખાતર, કયું પાણી, કઈ વીજળી, આહાર કયો...

**રીમા**

❑

# નીડર, બાહોશ કડિયા-કારીગર મધુબહેન

આકાશને આંબતી ઇમારતો બનાવનારા શ્રમિક મજૂરોને તો ક્યારેય આકાશમાં ઊડવા મળે તે તો એક સ્વપ્ન જ લાગે ને ! પણ ના, આ સપનું સાકાર થયું છે 'સેવા'ના કડિયાકામદાર મધુબહેન મકવાણાનું. બિલ્ડીંગ અને વુડવર્કર્સ ઇન્ટરનેશનલે નેધરલૅન્ડમાં ૧૮ દિવસની કડિયાકામની તાલીમ રાખી હતી. આ તાલીમમાં મધુબહેને ભાગ લીધો હતો.

૪૬વર્ષીય મધુબહેન અભણ છે પણ નીડર, બાહોશ, હોંશિયાર અને આત્મવિશ્વાસથી ભરપૂર. ગમે તે કામ હોય તે કરી આપવા તત્પર. ૧૬ વર્ષની ઉંમરથી મજૂરીકામ શરૂ કર્યું. ૨૦૦૧માં 'સેવા' દ્વારા અનિલ બકેરીને ત્યાં વેજલપુરમાં કડિયાકામની તાલીમ લીધી અને કારીગર બન્યાં. આ તાલીમમાં આઠથી દસ બહેનોએ ભાગ લીધો હતો. પણ ધગશ, હોંશિયારી અને દૃઢ નિશ્ચયને કારણે મધુબહેનનો તાલીમમાં પ્રથમ નંબર આવ્યો.

મધુબહેન કારીગર તો બન્યાં. પણ આ વ્યવસાય કહેવાય તો મરદોનો ને ! એમ બધા માને. તેથી ભાઈઓને ચિંતા કે બહેનો કારીગર થાય તો આપણે શું કરીશું ? એટલે તેઓ ઘરમાલિકોને ચઢાવે. પણ કોન્ટ્રાક્ટર તો મધુબહેનને કામ આપે. જો કે આજે મધુબહેનનું કામ જોઈને બધા કહે કે આવું કામ તો મરદ પણ ન કરે.

જીવરાજપાર્ક વિસ્તારમાં ઝૂંપડપટ્ટી પાસેના લગભગ ૧૫૦થી ૨૦૦ જેટલાં સંડાસ મધુબહેને બનાવ્યાં છે. તેની ગટરલાઈન પણ તેમણે જ જોડી આપી છે. મધુબહેન કહે છે કે, 'હું ઉચક કામ રાખું તો દિવસના રૂ. ૫૦૦ મળી જાય.

પાયાથી શરૂ કરીને આખું મકાન બનાવી આપવાની, મોટાં કામ લેવાની મારામાં તાકાત છે. પણ અભણ છું તેથી હિસાબમાં પાછી પડું.' જો કે તેમનો નાનો દીકરો એન્જીનીયરીંગમાં ભણે છે. તે ભણી રહે એટલે મોટાં કામો લેશે.

મધુબહેન નેધરલૅન્ડ ગયાં તેની વાત કરતાં કહે છે કે, 'મુંબઈ સુધી કાર્યકર્તા વર્ષાબહેન મને મૂકી ગયાં. ત્યાંથી દિલ્લી ગઈ. દિલ્લી ઍરપોર્ટ ઊતરી તો જે લેવા આવ્યા હતા તેઓ 'સેવા'નો લોગો લઈને ઊભાં હતાં. ત્યારબાદ નેપાળના એક ભાઈ, એક બહેન, આગ્રાના એક ભાઈ અને હું અમે ચારેય નેધરલૅન્ડ જવા માટે મોટા બલૂનમાં બેઠાં. બલૂનમાં મને કંઈ જ તકલીફ ન પડી. જર્મની ઊતર્યાં. ત્યાં બીજા ઍરપોર્ટ પર ગયાં અને બીજા પ્લેનમાં નેધરલૅન્ડ ગયાં.

નેધરલૅન્ડમાં ૧૮ દિવસની તાલીમ લીધી. તેમાં ત્રણ દિવસ તાલીમ આપે, એક દિવસ ફરવા લઈ જાય. તાલીમમાં સુથારી કામ, ટાઇલ્સ બેસાડવી, ચણતર, લેવલીંગ, ફિનીશીંગ, બારી-બારણાં ફિનીશીંગ, પાયાનું લેવલ લેતાં, ચણતર કેટલું લેવાનું તે શીખવાડ્યું. હું તો અભણ પણ નેપાળનાં બહેન ભાષાંતર કરી સમજાવે. જો કે મેઝરટેપ વાંચતા આવડે એટલે માપ લઈ બધું કામ ફટાફટ કરી શકું.

નેધરલૅન્ડમાં તો બધું જ કામ મશીનથી થાય. ૩૫ માળના મકાનમાં નીચેથી ઉપર માલ એક માણસ હોય તે એક જ મશીનથી બધે જ માલ પહોંચાડે. આવાં આવાં મશીનો જો અહીંયા હોય તો હું ઝટ દેતાંને બધાંને શીખવાડી દઉં.

મધુબહેનને નેધરલૅન્ડ જવાનું થયું ત્યારે તેમનો પાસપોર્ટ કઢાવતાં તો 'નવ નેજા પાણી ઊતર્યા'. તેમનું જન્મનું સર્ટિફિકેટ હતું નહીં. તેથી, કૉર્પોરેશન, પી.આઈ, કમિશનર ને પોલીસચૉકીઓ... અંતે પાંચ પોલીસચૉકી ફર્યા પછી પાસપોર્ટ તૈયાર થયો. પણ બધું તૈયાર થયું પણ ઘરમાંથી જવાની રજા મેળવવામાં ખૂબ મુશ્કેલી. આવી તે બધી વાત કરતાં મધુબેન કહે છે કે, 'હું વિધવા, તેથી મારાં મા-બાપને બધાં કહે કે સ્ત્રીની જાતને તો શી રીતે મોકલાય ? રખડતી થઈ જાય. બધાએ ના પાડેલી. સાસરે પણ ના પાડે ને વહુને એકલી ન મોકલાય. જ્યારે જવાનું હતું ત્યારે તો બધાએ ગાળોનો હાર પહેરાવ્યો

હતો. હવે બધા ફૂલહાર કરે છે.' જો કે નેધરલૅન્ડનાં પાણી, ફળ-ફૂલોની હરિયાળી મધુબેનને ખૂબ જ ગમી. તેમ જ સર્ટિફિકેટ હિન્દી અને અંગ્રેજીમાં મળ્યાં તેનો પણ ખૂબ આનંદ છે. તેઓ કહે છે કે, 'આપણે લોકો તો આખો દિ' રાંધવામાં જ બગાડીએ છીએ. નેધરલૅન્ડમાં એવું નથી. બધાં કામ જ કરતાં હોય.

મધુબહેને આખી જિંદગી કડિયાકામમાં વીતાવી. ક્યારેય હાથેપગે વાગ્યું પણ નથી. તેઓ કહે છે કે 'કાયમ ધૂળમાં રહેલાં અમને કંઈ ન નડે. ફક્ત મને સિમેન્ટની ઍલર્જી છે પણ કામ તો કર્યે જ છૂટકો.'

મજૂરમાંથી કારીગર બનનાર મધુબહેન એટલા નીડર છે કે ગરોળી કે કાચીંડો ગમે તે શરીર પરથી પસાર થઈ જાય તો પણ તેમને કોઈ અસર ન થાય. ગમે તેટલું મોટું કામ મળે તો તે કરવા તેઓ સક્ષમ છે. હાલમાં તે 'સેવા'નું 'પુષ્પાંજલિ' મકાન જે હતું તે ફરી બનાવે છે. 'સેવા'માંથી તાલીમ લઈ આગળ આવ્યાં અને તે જ કામ તેમને 'સેવા'માં કરવા મળ્યું તેનો તેમને ખૂબ જ આનંદ અને ગૌરવ છે.

**નફીસા**

❑

# અનુભવને વહેંચવાનો સંદેશ

હું લેખક નથી. હું પણ તમારી માફક કામ કરું છું. કામ કરું છું એટલે કામની બાબતમાં લખવું પણ પડે છે. આમ તો મને લખવાનું પણ મન થાય છે. આપણાં કામના, આપણાં જીવનના અનુભવ તે કોઈ આપણી પોતાની સંપત્તિ નથી. તેને આપણે વહેંચવી જોઈએ. આપણા અનુભવને બીજાની સાથે વહેંચીશું તો તેમાં ઊંડાઈ આવશે. આપણે કોઈ મશહૂર વાર્તાકાર કે નવલકથાકાર થોડા પણ બનવા માંગીએ છીએ. અમે તો એક અચ્છા મનુષ્ય, એક સરસ કાર્યકર્તા, એક સરસ સાથી અને એક સુંદર મા બનવા માંગીએ છીએ. ભાષા તો નદીના જેવી છે, તે તો વહેતી જ રહે છે. ક્યારેક તે ક્યાંક સ્થિર થઈ જાય છે. જ્યારે ઠરી જાય છે ત્યારે પાણીમાં દુર્ગંધ ઉત્પન્ન થાય છે. આપણી ભાષા જેટલી સરળ, પ્રવાહી હશે તેટલી જ તેમાં રીધમ અને લય હશે. આખી દુનિયાના લયની સાથે ભાષાના લયનો મેળ બેસવો જોઈએ. આ લયની ભાષા સંભાળીશું તો બાકી બધું પણ સંભાળાઈ જશે.

અમારા કેટલાંક ધ્યેય હોય છે, ઉદ્દેશ્ય હોય છે જેને અમે પૂરા કરવા માંગીએ છીએ. જીવન 'સેવા'નું હોય કે આપણું તેનું એક ધ્યેય જરૂર હોય છે. આપણે ભાષામાં જે કંઈ લખીએ તેમાં તે ધ્યેય પૂરું હોવું જોઈએ. અમે કોઈ સ્પર્ધા માટે લખતાં નથી. આપણું ધ્યેય જેટલું સ્પષ્ટ હશે તેટલું જ અમારું લેખન સ્પષ્ટ હશે. એક જ વાતમાં ત્રણ-ચાર વિચાર રજૂ કરવા ન જોઈએ.

આપણે આપણી જ વાત કહ્યા કરીએ તેવું હોવું ન જોઈએ. ઘણીવાર બીજાને સાંભળવાથી વાત વધારે સ્પષ્ટ થઈ જતી હોય છે. તેથી એકબીજાની સાથે વિચારોનું આદાન-પ્રદાન થાય છે અને વાતમાં ઊંડાઈ પણ આવે છે.

એટલે આપણે ધ્યેય સાથે લખીએ છીએ. કંઈ પણ લખીએ, પછી તે પ્રેમપત્ર પણ હોઈ શકે છે. તેમાં પણ આપણે જે માનીએ છીએ, સમજીએ છીએ તેમાં સચ્ચાઈ હોવી જોઈએ. પ્રશ્નના રૂપમાં પણ વાત રજૂ કરી શકાય છે. તેમાં આદેશ કે નિર્ણય ન હોવો જોઈએ. તેના પછી આવે છે વર્ણન. કોઈ પૂછે કેમ છો ? જવાબમાં સારી છું. એ તો ઠીક છે પણ શું સારું છે ? એટલે તેનું વર્ણન કરવું જરૂરી છે. જેમકે હું ઘેરથી પગે ચાલીને આવી, સુંદર હવા ચાલી રહી છે. ખૂબ મજા આવી. કેવા વિચાર અને કેવા ભાવ મનમાં જાગ્યા તેનું વર્ણન કરી શકીએ એવું એક ચિત્ર આપણી સામે ખડું થઈ જાય.

જે કંઈ આપણે જોઈએ છીએ તેને શબ્દોમાં કંડારવું જોઈએ. બાળક સૌથી પહેલાં જુએ છે, દેખે છે. ભાષા તો પછી આવે છે. દાખલો આપું છું - 'સેવા'માં વિદેશમાંથી એક બહેન વેંડી નામે આવ્યાં હતાં. તે બાળકોને ફોટોગ્રાફી શીખવવા માંગતાં હતાં. તેમને તેમણે મેટાલની એક સ્કૂલમાં ફોટોગ્રાફીની ત્રણ મહિના સુધી એક શિબિર ચલાવી. ગામનાં એક ઝૂંપડામાં ડાર્કરૂમ પણ તેમણે બનાવ્યો. જે ફોટા તૈયાર થયા તે જોઈને બાળકોએ આશ્ચર્યજનક સુંદર શીર્ષક આપ્યું. બંધ દરવાજાવાળા એક ઘરના ફોટાને એક બાળકે શીર્ષક આપ્યું હતું - દરવાજાની પાછળ મારા દાદા પૈસા ગણી રહ્યા છે. બીજો એક ફોટો શિવલિંગનો હતો. શીર્ષક હતું -હવે શંકરદાદા ત્રીજી આંખ ખોલશે. બાળકોએ ભવિષ્યમાં જે થવાનું છે તે પણ બતાવી દીધું.

આપણી બહેનો રણમાં, ઘરમાં, ઘરની બહાર બેસીને ભરતકામ કરે છે પણ એમની વાત અખબારવાળા માટે સ્ટોરી નથી હોતી.

કચ્છમાં વર્ષમાં એક જ વાર સમૂહલગ્નનો રિવાજ પહેલેથી જ ચાલી રહ્યો છે. ત્યાંની છોકરીઓને એક વર્ષ ભરતકામનો બહુ મોટો ઑર્ડર મળ્યો હતો. બધી જ છોકરીઓએ લગ્ન માટે ના પાડી દીધી. કહે કે અત્યારે અમારી પાસે લગ્ન માટે સમય નથી. ઑર્ડરનું કામ પહેલાં પૂરું કરવાનું. આવો પ્રસંગ પણ અખબારવાળા માટે સ્ટોરી હતી નહીં. આ છોકરીઓએ કામને લીધે લગ્નને એક વર્ષ માટે પાછળ ધકેલી દીધું. મારા માટે તો આ એક ઘણી પાવરફુલ સ્ટોરી કહેવાય. આ વાતને જો આપણે 'અનસૂયા'માં નહિ લખીએ કે તમે 'અનસૂયા'માં નહિ

લખો તો કોણ લખશે ? હકીકતમાં તો આ એક ઇતિહાસ છે, 'હીઝ સ્ટોરી' - એ પુરુષની કહાની. સ્ત્રીની, ગરીબોની, ગામવાળાની કહાની ઇતિહાસમાં આવતી નથી. તેને લખવાનો આપણો ધર્મ છે. આવી રચનાત્મક સ્ટોરીને લખવી જોઈએ. સંપાદકે પણ ફિલ્ડમાં જવું જોઈએ. અમારા કાર્યકર્તા જ અમારા રિપોર્ટરોની એક ફોજ છે, તેમને બધાંનું સાચું-જૂઠું બધું જ ખબર પડે છે ત્યારે જ સાચી વાત બહાર આવશે.

તોફાન નહિ, શાંતિ તો ત્યારે આવે છે જ્યારે બધા જ ધર્મવાળા એક સાથે બેસીને જમે, સાથે શીખે, જ્યારે સાથે રહીને કામ કરશે ત્યારે એકબીજાને નામથી ઓળખશે. તાલીમ કે શિબિરમાં ત્રણ-ચાર દિવસ સાથે રહે છે, ત્યારે એકબીજાની ઓળખ વધારે થાય છે.

તમે પણ વાતો લખો, તેને કાલ્પનિક પણ બનાવો. આપણી પાસે ઘણી વાર્તાઓ છે. સંદેશ તો તેમાંથી આપોઆપ જ નીકળી આવે છે. તમે બધાં ડાયરીમાં રોજેરોજનું જે કંઈ સારું - ખોટું બન્યું હોય તે ટપકાવો. કોઈ ઘટના, યાદગાર બન્યું હોય, ભાવ, કોઈને મળ્યા હોય તેની સાથેની જરૂરી વાત, કંઈ વાંચ્યું અને ગમ્યું હોય તો તેને પણ ટપકાવો. તમારા વિચારો, અભિપ્રાય વગેરે નિયમિત લખો. લખવાની ટેવ પડશે.

આમ ઇલાબહેને સારા સારા દાખલા આપીને તાલીમાર્થીઓને શીખ આપી.

(હિંદી 'અનસૂયા' ટ્રસ્ટની લેખન તાલીમ શિબિરમાં ઇલાબહેનનું ઉદ્‌બોધન)

❑

## સેવા સમાચાર

**આયુર્વેદિક કૅમ્પ :**

શહેર સંગઠનની આરોગ્ય ટીમ દ્વારા અમદાવાદ શહેરના અમરાઈવાડી, જુહાપુરા અને વાડજ વિસ્તારમાં ત્રણ આયુર્વેદીક કેમ્પ યોજાઈ ગયા. આ કૅમ્પમાં બેનો, ભાઈઓ અને બાળકો થઈને કુલ ૮૫૦ દર્દીઓને વિનામૂલ્યે દેશી દવાઓ આપવામાં આવી હતી.

કૅમ્પમાં મુખ્યત્વે વા, સાંધાના દુખાવા, સ્ત્રીરોગ, કાન-ગળા, બાળકોમાં ઝાડા, ઊલટી, શરદી-ખાંસી વગેરેના દર્દીઓ વધારે હતા. તેમને જરૂરિયાત પ્રમાણે દવાઓ આપવામાં આવી હતી. કૅમ્પમાં અખંડઆનંદ (આયુર્વેદિક) હૉસ્પિટલના ડૉક્ટરોની ટીમે આવીને તપાસ અને દવા વિતરણનું કામ કર્યું હતું.

અગાઉ આયુર્વેદિક કેમ્પ બીજા વિસ્તારોમાં કરેલા હોવાથી વિસ્તારોમાંથી માંગ આવતા આ કૅમ્પનું આયોજન કરવામાં આવશે.

**ટૉયલેટ બનાવ્યાં**

મહિલા સેવા હાઉસિંગ ટ્રસ્ટ દ્વારા સગુરત્નની ચાલી, ચમનપુરામાં ૧૨ ટૉયલેટ બનાવવામાં આવ્યાં. આ ૧૨ બેનો મત્સ્યગંધા મંડળીનાં સભ્યો છે.

**એક્ષપોઝર કાર્યક્રમમાં મત્સ્યબેનો**

મત્સ્યગંધા મંડળીનાં ૧૦ બેનોને (નેશનલ કૉઓ. ડૅવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા ત્રિવેન્દ્રમ એક્સપોઝર માટે લઈ જવામાં આવ્યાં. ત્યાં રાજ્યસ્તરીય અને જિલ્લા સ્તરીય ફૅડરેશન સોસાયટી છે.

અહીંયાના ગ્રુપ, મંડળ કઈ રીતે કામ કરે છે. તેમ જ એક જ ઘરમાં ઉત્પાદક અને વેચનારાં સાથે રહેતાં હોય છે. અહીંની વેચાણપદ્ધતિ પણ અલગ છે. મચ્છીના ઢગલા પડ્યા હોય તેના પેટે બોલી બોલાય. તેમ જ કમિશન કમિટી હોય છે. તે વેચનાર બેનો પૈસા આપે તેમાંથી ૧ ટકા કમિશન કમિટી કાપી લે (જેણે લોન લીધી હોય...) જે જિલ્લા ફૅડરેશનને પહોંચે છે. (આ રીતે રીક્વરી થાય)

**ઉન્નતબજારમાં બાંગ્લાદેશ-બહેનોની તાલીમ**

છઠ્ઠી મે ના 'અનસૂયા'માં આવેલ 'સબાહ' - જેમાં 'સાર્ક'ની સહકારભાવના સાકાર થાય છે.' લેખમાં નેપાળનાં ૨૪ બહેનોએ ઉન્નત બજારમાં તાલીમ લીધી તેની વાત વિગતે આપેલી છે. 'સેવા'એ રચેલાં આ બજાર સંગઠનમાં નેપાળ પછી બાંગ્લાદેશના ૧૯ જેટલાં કારીગર બહેનોએ સેવા-ઉન્નત બજારમાં ૨૫ દિવસની તાલીમ લીધી. આ બહેનો ઢાકા અને જમાલપુરથી આવ્યાં હતાં.

આ બહેનોને તાલીમના અંતે ૨૧/૫/'૦૯ના રોજ સર્ટિફિકેટ આપવામાં આવ્યાં. આ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમમાં કારીગર બહેનોએ પોતાના અભિપ્રાય રજૂ કર્યા :

શાયરા અનવરા બેગમે કહ્યું 'અમે બધાં બહેનો 'સેવા' સાથે રહી આગળ વધવા માગીએ છીએ. પહેલાં કરતાં વધારે સારી રીતે કટિંગ કરતાં શીખ્યાં. સ્ટૉરમાં કામ, મશીન-પાર્ટસ, ફ્લોરમાં કામ, ફિનીશિંગ, ક્વોલિટી જાળવવી - ઘણુંબધું શીખ્યાં. શીખવાનો તો કોઈ અંત નથી.'

બાટીકનકશી કામ કરતાં લવલી બેગમ કહે કે, 'સંગઠન કેમ બનાવાય ? ગામની બહેનોને મળી તેમની સાથે કેવી રીતે વાત કરવી તે શીખ્યાં.

એમ્બ્રોયડરી કામ કનારા સુલેખા બેગમના મતે ગુણવત્તાવાળું એમ્બ્રોયડરી કામ કરવાનું તેમજ સબાહ બાંગ્લાદેશ અને જમાલપુર મહિલા સેવાનું જોડાણ કરીશું. મીટિંગની ગોઠવણી કેમ ચલાવવી, સંગઠન, શિસ્ત, સ્ટૅપ બાય સ્ટૅપ વર્ક અને જુદા જુદા ટાંકાઓ શીખવા મળ્યા.

# શ્રી મહિલા સેવા સહકારી બૅંક લિ.

૧૦૯, સાકાર - II, ટાઉનહૉલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ.

## ૦ %ના વ્યાજે કૉમ્પ્યૂટર માટે લોન

- શ્રી મહિલા સેવા સહકારી બૅંક લિ. અંતર્ગત ગુજરાતનો દરેક વિદ્યાર્થી ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી દ્વારા જ્ઞાનમાં વૃદ્ધિ મેળવે અને દરેક વિદ્યાર્થી આવતા દિવસોમાં તેના શિક્ષણમાં તેમ જ તેની કારકિર્દીમાં વધુ સક્ષમ બને તે હેતુથી આ મહત્ત્વાકાંક્ષી લોનની શરૂઆત કરવામાં આવી છે. જેથી વર્તમાન અને ઊગતી પેઢીના કે.જી.થી પી.જી. સુધીના વિદ્યાર્થીઓ પોતાના કૉમ્પ્યૂટર થકી 'નૉલેજ રીવૉલ્યુશન' લાવી વધુ સક્ષમ બની શકે.
- લોન લેનાર વ્યક્તિને આ માટે લેપટોપ તથા ડેસ્કટોપ - બંનેમાં અમુક પસંદગી રહેશે. આ કૉમ્પ્યૂટર સીસ્ટમ પડે - તૂટે તો તેની જવાબદારી લોન લેનારની રહેશે.
- આ લોન ૧૨ મહિનામાં પૂરી કરવાની રહેશે.
- લોન લેતી વખતે પહેલો હપ્તો રોકડેથી ભરવાનો રહેશે.
- બે હપ્તા ભરવામાં ચૂક થશે તો બૅંક આ કૉમ્પ્યૂટર સીસ્ટમ પરત લઈ શકશે અને તેમાં રીપેરીંગ જરૂરી હશે તો તે ખર્ચ કૉમ્પ્યૂટર વાપરનાર / લોન લેનાર વ્યક્તિએ ભોગવવાની રહેશે.
- જો બે હપ્તા ચઢી જશે તો દંડનીય વ્યાજ ૨ % લેખે ચઢેલા હપ્તા ઉપર ભરવું પડશે.
- વ્યાજદર ૦ % રહેશે.
- સેવાબૅંકના લોનના નિયમો મુજબ આ લોન મળી શકશે.
- લોનની કુલ રકમના ૫ %ના શેર, બે જામીન - ડૉક્યુમેન્ટ ચાર્જ વગેરે ખર્ચ લોન લેનારે રોકડેથી ભરવાના રહેશે.
- બે જામીન લાવવા જરૂરી છે - (૧) ઘરની વ્યક્તિ (૨) બહારની કોઈ વ્યક્તિ કે જે કોઈ ધંધો અથવા નોકરી કરતાં હોય.
- આ નિયમોમાં વખતોવખત બૉર્ડના આદેશ પ્રમાણે ફેરફાર થઈ શકશે.

**વધુ માહિતી માટે રૂબરૂ સેવા બૅંકમાં મળો.**

બધા તાલીમાર્થી બહેનોને સબાહ, બાંગ્લાદેશને વિકસાવવાનો, કામની ગુણવત્તા, 'સેવા'માં સંગઠનની વાત, શહેર-ગામનું જોડાણ, ગરીબ-અમીર, ભણેલ-અભણ વચ્ચે ભેદભાવ નહીં, બચત ગૃપ - સાથે મળીને કામ કરવાનું - વગેરે ખૂબ જ જરૂરી અને અસરકારક લાગ્યું.

**લેખન તાલીમ :**

અનસૂયા ટ્રસ્ટ દ્વારા ૨૦૦૯ના જૂનની ૪-૫ તારીખે લેખન તાલીમ 'અનસૂયા'ની ઓફિસ અખબારભવન, ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. આ તાલીમમાં કુલ ૧૭ તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. તાલીમ લેનારાં બહેનો શહેરસંગઠન, સેવા અકાદમી અને મહિલા હાઉસીંગ સેવા ટ્રસ્ટમાંથી આવ્યાં હતાં.

લેખન તાલીમ 'ચરખા'ના સંયોજક શ્રી સંજયભાઈ દવેએ આપી હતી. તાલીમાર્થીઓની અપેક્ષા પ્રમાણે દૈનિક નોંધ, અહેવાલ, કેસ સ્ટડી, અસરકારક લખાણ, ઇન્ટરવ્યૂ, પ્રોફાઇલ વગેરે વિષયો રસપ્રદ રીતે શીખવાડવામાં આવ્યાં હતાં.

તાલીમના અંતે મૂલ્યાંકનમાં તાલીમાર્થીઓએ જણાવ્યું કે, 'લખવાનો ડર જતો રહ્યો, કેસ સ્ટડી હવે સરળ લાગશે, લેખનની વિષયપસંદગી કરતાં આવડી, ખૂબ પ્રોત્સાહન મળ્યું તેથી આત્મબળ વધ્યું, તાલીમદારની પદ્ધતિ અને રમતો ખૂબ જ અસરકારક લાગ્યાં, ગમ્મત સાથે જ્ઞાન મળ્યું.'

વધુમાં આ તાલીમાર્થીઓએ તેમના જ ગ્રુપની વધારેને વધારે ફોક્સ તાલીમ કરવા જણાવ્યું હતું.

**આકાશગંગા એક્સપોઝર કાર્યક્રમ :**

'આકાશગંગા' માસિક પુસ્તિકા વાંચતી કિશોરીઓ માટે આકાશગંગા ક્લબ સાક્ષરતા દ્વારા શહેરના વિસ્તારોમાં તેમ જ જિલ્લાઓના ગામોમાં બાલસેવા દ્વારા ચાલે છે. આ કિશોરીઓ માટે તા. ૧૨, ૧૩ જૂન, '૦૯ – બે દિવસનો એક એક્ષપોઝર કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાની ૧૩ અને વાડજ, અમદાવાદની ચાર મળીને ૧૭ કિશોરીઓએ ભાગ લીધો હતો. તેમને 'સેવા'ની મુલાકાતે લઈ જઈ 'સેવા'ની ટૂંકમાં માહિતી શહેરસંગઠનના સિનિયર કાર્યકર્તા સુભદ્રાબહેને આપી હતી. ત્યારબાદ કિશોરીઓને લોકસ્વાસ્થ્ય મંડળીની દવાની દુકાન, વિડિયો-સેવા, કમ્પ્યૂટર ક્લાસ, લાયબ્રેરીની મુલાકાત ઉપરાંત સેવાબેન્ક અને ફેડરેશનમાં જઈને વિગતે માહિતી મેળવી હતી.

કિશોરીઓએ ગાંધીઆશ્રમ, ઇસ્કોન મંદિર, કાંકરિયા, વૈષ્ણવદેવીના મંદિરની પણ મુલાકાત લીધી હતી. આણંદ જિલ્લાનાં ગામોની કિશોરીઓ પહેલી વખત અમદાવાદ આવી હતી. આ કિશોરીઓએ કાંકરિયાનું નામ તો સાંભળ્યું હતું પણ તે જોવા મળતાં તેમને ખૂબ જ આનંદ થયો. 'સેવા'ની, બચત યોજના વિશે જાણવા મળ્યું. બચતની સમજણ પડતાં હવે તેઓ પણ બચત કરશે તેમ જણાવ્યું હતું. તેઓ આગળ સારી રીતે ભણીને ડૉક્ટર, ટીચર, એન્જિનિયર બનવાનું તેમનું સપનું સાકાર કરવા માંગે છે.

**માથોડા કામદાર :**

ઘંટાકર્ણ માર્કેટ, અમદાવાદમાં ગગીબેન નારાયણજી વણઝારા દસ વર્ષથી માથોડા-કામ કરતાં હતાં. તેમને અચાનક બહાર ગામ જવાનું થવાથી વેપારીએ બીજા મજૂરને કામે રાખી લીધા હતા. બહેન બહારગામથી આવ્યા તો વેપારીએ ના પાડી. તેમની પાસે કામ નહિ. એટલે ગગીબહેને 'સેવા'માં શહેરસંગઠનના બહેનોને તેમની પરિસ્થિતિ સમજાવી. આ બહેનો વેપારીને મળવા ગયાં. તો વેપારીનો દીકરો કહે કે, 'અમે નવા મજૂરને રૂ. ૨૦ હજાર ઍડવાન્સ આપ્યા છે તેનું શું ?' 'સેવા'નાં બહેનોએ બહુ સમજાવતાં કહ્યું કે, 'તમે બન્નેને જરૂર પ્રમાણે કામ આપો. અંતે વેપારી સમજ્યા. તેમણે ગગીબહેનને કામની પસંદગી કરવાનું કહેતાં ગગીબહેને ટ્રાન્સપોર્ટનું કામ સ્વીકાર્યું. દસ-પંદર દિવસ કામ બંધ રહ્યું પણ આજે બહેનને રોજના રૂ. ૧૫૦ મળે છે. બીજા નવા મજૂરબહેન છે. તેમની પણ રોજી ચાલુ છે.

આવો જ બીજો એક બનાવ ઘંટાકર્ણ માર્કેટનો છે. શકરીબેન દશરથભાઈ ઠાકોર દસ વર્ષથી કાપડનો રોલ ઉપાડવાનું કામ કરે. તેમને પણ બહારગામ લગ્નમાં જવાનું થયું. તેથી, વેપારીએ બીજાભાઈને કામ પર રાખી લીધા. શકરીબહેન બહારગામથી પરત આવ્યાં તો તેમનું કામ બંધ રહ્યું. શહેર સંગઠનના બહેનો જ્યારે 'સેવા'ની સભ્ય-ફી લેવા ગયાં ત્યારે શકરીબહેને તેમને વાત કરી. 'સેવા'નાં બહેનોએ તે ભાઈને સમજાવ્યા અને કહ્યું કે, 'શકરીબહેન આટલાં વર્ષથી કામ કરે છે. એટલે તમે સમજો નહિ તો અમે ફરિયાદ કરીશું. તો તે મજૂર ભાઈએ સમજીને વેપારી પાસે જઈને સામેથી કહ્યું કે, 'હું હવે કામ નહીં કરું. તેથી વેપારીએ શકરીબહેનને પાછા કામે રાખી લીધાં.

**યુવકમંડળે કર્યો પ્રોત્સાહિત કાર્યક્રમ :**

ભદ્રેશ્વર એરિયામાં 'સેવા' દ્વારા બચતમંડળ ચાલે છે અને સાક્ષરતાવર્ગ પણ ચાલે છે. ગામના યુવકમંડળ દ્વારાં ગામમાં ભણતાં કે.જી.થી ૧૨ ધોરણ સુધીનાં નાનાં-મોટાં બાળકોનું સન્માન કર્યું. ભદ્રેશ્વરના મંદિરમાં ગામનાં નાનાં-મોટા સૌ વડીલો સુદ્ધાં એકત્રિત થયાં હતાં. સાક્ષરતાના વંદનાબહેન સેવક પણ હાજર રહ્યાં હતાં. જૂનની ૧૪મીને સાંજે ૪ વાગ્યે આઠમાથી બારમા ધોરણ સુધીનાં કિશોર-કિશોરીઓ ૭૦ ટકાથી ૯૪ ટકા સુધીના માર્કવાળાં સૌને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581 Issued by S.S.P. Valid up to 31-12-2011.**

Ahmedabad P.S.O.
22-6-2009

સાક્ષરતા વર્ગનાં બહેનોને પણ આ કાર્યક્રમમાં સમાવી સન્માન કર્યું.

આ સૌ બાળકોએ ગયા વર્ષે જે માર્ક્સ મેળવેલા તેમાં તેમનો વિકાસ થયો કે નહિ થયો તો કેટલો કારણ સાથે તેની ચર્ચા ખુલ્લા મને કરી હતી. તે જાણવાનું બધાંને સારું લાગ્યું.

બીજા વડીલોની સાથે વંદનાબહેને સૌને પ્રોત્સાહિત કરી 'સેવા' વિષે માહિતી આપી. અકાદમી દ્વારા ચાલતા કૌશલ્ય શિક્ષણ કેન્દ્રની પણ માહિતી આપી. હાલના બદલાતા સમયમાં કેમ રહેવું, કિશોરી સ્વરક્ષણ કરી શકે અને માતા જ મિત્ર બની રહે તો સમાજમાં સંસ્કારનું સિંચન થાય તેવું પણ વંદનાબહેને સમજાવ્યું.

ગામમાં યુવકમંડળે સુંદર, ભરચક, પ્રોત્સાહિત પ્રોગ્રામ કર્યો તેમને અભિનંદન.

❑

## 'અનસૂયા'નું અઠ્યાવીસમું વર્ષ ચાલી રહ્યું છે

- ❖ દર માસની છઠ્ઠી અને બાવીસમી તારીખે નિયમિત પ્રકટ થઈને તેના ગ્રાહકો પાસે અચૂક પહોંચી જવા જેટલી નિયમિતતા જાળવી રહેલું પાક્ષિક 'અનસૂયા' મહિલામાત્રને આર્થિકરીતે પગભર કરવાના સ્વપ્નને સાકાર કરવા આ બારમા અંક સાથે અઠ્યાવીસમું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે.
- ❖ 'અનસૂયા'ની આ શરૂ થયેલી બીજી યશસ્વી અઠ્યાવીસમી સદી 'સેવા'નાં સભ્ય અને તેનાં ઉત્સુક વાચકો પાસેથી 'અનસૂયા'ની જુવાનીને અડીખમ રાખવા અપેક્ષા રાખે છે.
- ❖ વાચકો-શુભેચ્છકો-અનસૂયાચાહકોની પ્રેરણા 'અનસૂયા'ને પણ વધુ ઉપયોગી બનાવવામાં સાથ અને સહકાર અઠ્યાવીસમા વર્ષના આ બીજા અંક વેળાએ રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું આ પાક્ષિક મુખપત્ર દ્રઢતાપૂર્વક ઇચ્છે છે.

દર વરસે લવાજમના રૂપિયા ૨૦/- મોકલવાનું ચૂકી ન જવાય તેથી **'અનસૂયા'**-પ્રેમીઓને રૂ. ૫૦૦/- ભરીને **'અનસૂયા'** આજીવન મેળવવાની નોંધ લેવા વિનંતી છે.

દર મહિને છઠ્ઠી તેમ જ બાવીસમી તારીખે નિયમિત પ્રગટ થતા **'અનસૂયા'**નું વાર્ષિક તેમ જ આજીવન

**લવાજમ મોકલવા માટેનું સ્થળ :-**

### શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ

સેવા રિસેપ્શન સૅન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન : ૨૫૫૦૬૪૪૪, ૨૫૫૦૬૪૭૭)

❖ દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે પ્રકટ થતું 'અનસૂયા' વેબસાઈટ પર પણ મૂકવામાં આવે છે.

Please visit our website : www.anasooya.org ❑ E-mail : mail@anasooya.org

માલિક : શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ વતી તંત્રી-પ્રકાશક-મુદ્રક : નમ્રતા બાલી, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ ૩૮૦ ૦૦૧
મુદ્રણસ્થાન : પ્રિન્ટવૅલ પ્રિન્ટર્સ, બહાઈ સેન્ટર, શાહપુર, ધ્ભ્બ્દ્ક્દ્બ ૩૮૦ ૦૦૧. (વા. લ. રૂ. ૨૦/-) આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ

**અનસૂયા**

22-6-2009

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ 380 001